श्री.

विश्वकर्मा चरित्राणि पूजा समेतानि.

हरिलाल [illegible] आगम प्रसादात शिवनारायणात्मजेन
प्राचीन ग्रंथेभ्यो सामुधृत्य प्रकाशितो
ऽयंग्रन्थः

जानंतु नीति निपुणा क्षमंतां मम साहसम् ।
विश्वकर्मा प्रसादेन कृतमेतन्न संशयः ॥

राजनगरे.

जयसिंग मूलजी अस्य "हितेच्छु" मुद्रालये मुद्रितः
च परं
मंछुभाई रतनचंद "ओम्नी बसोयुक्त" मुद्रालये ऽपि मुद्रितः

संवत एकोनविंशत्यधिक चतुःपंचाशत्तमे
शाके पञ्चादश शतोत्तर विंशति परिमिते
वर्षे समाप्तोयम् ॥

પ્રસ્તાવના.

ગ્રંથના આરંભમાં પ્રથમ મંગળિક વાત લખવી જોઇએ. જગત્કર્તાએ આ સૃષ્ટિ રચી તે છે, બ્રહ્માના પુત્ર વિશ્વકર્માએ. તેને અનુસરીને, જગતની રચના કરી છે. તેમજ નગર, દેવસ્થાન, તથા જળાશય, ભવન, પ્રાસાદ, ઇત્યાદિને પણ પિતા કરતાં વિશેષપણામાં રચ્યાં છે, તેને લગતો આ ગ્રંથ છે. આ પુસ્તક મારા પહેલા અભ્યાસનું છે, માટે દોષ હોય તો, વાંચક જનોએ માફ કરવો. પ્રથમ શિવરૂપે માયા ઉત્પન્ન કરીને, વિશ્વની રચના કર્યા પછી, અનેક પદાર્થો ઉત્પન્ન કર્યાં છે, સૃષ્ટિને નિયમમાં રાખવાને વેદાંત તથા શાસ્ત્રો ને ન્યાય બનાવ્યાં છે, તે જ્ઞાની પુરૂષનું અજાણ્યું નથી, સૃષ્ટિકર્તા નિરંજન છે, એટલે માયાના અંજનમાં આવે તેવા નથી, નિરાકાર, એટલે માયાનું આવરણનથી, સદા દિવ્ય મૂર્તિ છે; અને ત્રિગુણાતીત, એટલે સત્વ, રજ, અને તમ, એ ત્રણ ગુણથી રહીત છે, તેણે બાહિક જગતમાં યુગો ઉત્પન્ન કરીને, યુગે યુગનાં જુદાં જુદાં કર્મ કર્યાં છે, શાસ્ત્ર પણ યુગ પ્રમાણે રચાયાં છે. જેમ ચાર યુગ તેમ વર્ણ પણ ચાર કર્યાં છે, ને એટલે બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, શુદ્ર છે. તેમના ધર્મ પણ જુદા છે, એટલા માટે, પુરાતન ઋષિઓએ વિચાર કર્યો કે હાલના જમાનામાં સઘળા જ્ઞાની છે પણ છેવટનો કળિયુગ આવશે, ત્યારે, લોકોને ધર્મ પાળવો ઘણો કઠિણ પડશે માટે વ્યાસજીએ ઘણા પુરાણો અને ન્યાયો સરળ બનાવ્યાં તેમજ બ્રહ્માના પુત્ર વિશ્વકર્માએ પિતાની સ્થિતિ જાળવવા માટે, નગર, પ્રાસાદ, ભવન, જળસ્થાન, દિવ્ય વ્યવસ્થા કરીકે, તે શિલ્પ શાસ્ત્રનું જ્ઞાન જલદિ થવા માટે હિમાલયના શિખર ઉપર ઋષિમંડળની સમક્ષ પોતાના પુત્ર અપરાજીત, જય, યમ, સિદ્ધાર્થ અને શિષ્યોને એ જ્ઞાન આપ્યું જુવો કે વિશ્વકર્મા સઘળે પૂજાય એ ગ્રંથનું માન આગળના વખતમાં કેટલું હતું ? તે હાલના વખતમાં ક્વચિત્ જ્ઞાની જાણતા હશે, કારણકે, દિવસે દિવસે સત્યનો નાશ થયો અને કળિ પૂઠે લાગ્યો, તેથી જ્ઞાની પુરૂષે એ આગળનાં ભાગવત તથા રામાયણ અને માહાભારત ઇત્યાદિ વાંચ્યાં અને સાંભળ્યાં હશે, તેઓને અજાણ્યું નહિં હોય કે પૂર્વે, જ્યારે પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે, મયદાન પાસે સભા રચાવી હતી, તે વખત જળસ્થળ અને કાચની સભા, કોઇને ગમ ના પડે તેવી માયા રચી હતી! અને ઘણાં ઘણાં નગર, કોટ, કિલ્લા, પ્રાસાદ, ભવન અને સરોવરની શોભા જોતાં ને સાંભળતાં, આપણા મનને આશ્ચર્ય થયા વિના રહેજ નહિ હવે તે શાસ્ત્ર કઇ સ્થિતિએ પહોંચ્યું છે ? તેનો અનુભવ થાય, તેને માટે આ પુસ્તક બનાવ્યું છે, વળી બીજા દાખલાઓ, મયદાનવે, રાવણને અપેલી લંકા, તથા માહાભારત અને રામાયણોમાં બનાવેલાં, અસ્ત્ર ને શસ્ત્ર, રથ, આભૂષણ આદિ સાંભળતાં, આર્ય લોકોની બુદ્ધિ ઠેકાણે રેહેતી નથી, હાલના શિલ્પીઓ અને સૂત્રધાર જોતાં તે વિશ્વકર્માના વંશમાં રહીને કોઇ પણ ગુણ જાણતા હોય, એમ કેહેતાં શંકરાચાર્યએ જી-એ તેમ હાલના શિલ્પીઓએ ગુરૂઓને નહિ ગણતાં, તેમના ધર્મનો પણ ત્યાગ કર્યો છે, તે ગુરૂ દ્રોહી છે, માટે તેમને સત્ માર્ગે ચડવા માટે, તથા પોતાના વંશના કલ્યાણને અર્થે આ

ગ્રંથ છે. માટે તેને વાંચી, તેનો ખરેખર સાર સમજી, આ કળિયુગમાં સુકર્મ એકગણું કરે છે તથાપિ વિશેષ લાભ થાય છે તેમ કળિયુગમાં સર્વ સાધન કરતાં ભક્તિ સર્વોત્તમ અને સહેલું સાધન છે. કળિયુગ પૂરે એવો ખોટો છે કે, ભક્તિને ભંગ કરે છે, આયુષ્યને ક્ષીણ કરે છે, ને લોકોના જ્ઞાનની હાનિ કરે છે. તેથી કાંઇ પણ બની શકતું નથી, તે સ્થિર કરવાને માટે આ ગ્રંથ મેં વિશ્વકર્માના વંશનું તારણ કરવા માટે પ્રકટ કર્યા છે, જે જે હાલમાં અને વિશેષઉપયોગી બાબતો જણાઇ તેનો સંગ્રહ કરી મારી અલ્પમતી પ્રમાણે આ શિલ્પશાસ્ત્રનો સંક્ષેપ સાર એકત્ર કર્યો છે.

સંવત ૧૯૫૪
મીતી આષાઢ સુદ ૧૫ }
અમદાવાદ.

श्रीगणेशायनमः

श्री सरस्वत्यै नमः श्री विश्वकर्मणे नमः श्री गुरुभ्यो नमः

श्लोक. जयतिवरदमूर्ति मंगलं मङ्गलानां ।
जयति सकल वन्द्या भारती ब्रह्मरूपा ॥
जयति भुवनमाता चिन्मयी मोक्षरूपा ।
दिशतु मम महेशो वाङ्मयः शब्दरूपम् ॥ १ ॥
स्रष्टारंजगतामीश मनेकाश्चर्यरूपिणम् ।
पालकंसर्वसत्वानां वन्देशक्तिमयंशिवम् ॥२॥

જેની મૂર્તિ વર[illegible] આપે છે, અને જે મંગળમાં મંગળ છે, એવા શ્રી ગણેશ જગતને વિષે અધિકપણાથી વર્તે છે જેને સર્વ મનુષ્ય નમસ્કાર કરે, એવી શ્રી સરસ્વતી અધીકપણાથી વર્તે છે, અને ચૈતન્ય અને મોક્ષ રૂપાવળી ભુવનની માતા, જેરટ તે અધિકપણાથી વર્તે છે. તે વાઙ્મય મહેશ્વર મને શબ્દનું જ્ઞાન આપો. ॥ ૧ ॥

જગતને સૃજનાર. અનેક આશ્ચર્યકારક રૂપવાળા, જગતના ઈશ, સર્વ પ્રાણીઓના પાલન કર્તા, શક્તિમય, શંકરને હું વન્દન કરૂં છું. ॥ ૨ ॥

શ્રી શિલ્પશાસ્ત્રના ગ્રંથોનું સૂચીપત્ર.

વિશ્વકર્માએ પૂર્વે શિલ્પશાસ્ત્રના બારસહસ્ત્ર ગ્રન્થો રચ્યા હતા, પણ કલિયુગમાં તેનો સગાંતેશ બારસહસ્ત્ર ગ્રન્થોમાં કીધો, પરંતુ તેમાંના એકશત સાંભળવામાં આવે છે, તેની અર્ધ સંખ્યા ઉપરનાં નામો નીચે લખી જણાવ્યાં છે. એ વાત અપરાજીત ગ્રન્થમાં લખેલી છે.

શિલ્પશાસ્ત્રના ગ્રંથોની નામાવળી.

૧	શ્રી વિશ્વકર્મા પુરાણ	૨૧	જ્ઞાનરત્ન કોષ	૪૧	રૂપમણ્ડન
૨	અપરાજીત ગ્રન્થ	૨૨	શિલ્પશાસ્ત્ર	૪૨	રૂપાવતાર
૩	વિશ્વકર્મા પ્રકાશ	૨૩	શિલ્પ કલાદીપિકા	૪૩	પ્રતિષ્ઠા સારસંગ્રહ
૪	વાસ્તુ શાસ્ત્ર	૨૪	શિલ્પ સર્વસ્વ સંગ્રહ	૪૪	ઉદ્દિષ્ટા નયન
૫	વાસ્તુ પ્રદીપ	૨૫	શિલ્પ લેખ	૪૫	લગ્નશુદ્ધિ
૬	વાસ્તુ મંજરી	૨૬	શિલ્પાર્થ સાર	૪૬	યુક્તિકલ્પતરૂ
૭	વાસ્તુ મણ્ડન	૨૭	શિલ્પ ગ્રંથ	૪૭	વિશ્વકર્મ વિદ્યાપ્રકાશ
૮	વાસ્તુ ચક્ર	૨૮	પ્રાસાદ મણ્ડન	૪૮	નિર્દોષ વાસ્તુ
૯	વાસ્તુ નિર્માણ	૨૯	પ્રાસાદ દીપિકા	૪૯	પ્રાસાદ કેસરી
૧૦	વાસ્તુ લક્ષણ	૩૦	પ્રાસાદાનું કીર્તન	૫૦	શત્રુઘ્નીય
૧૧	વાસ્તુ વિચાર	૩૧	પ્રાસાદ લક્ષણ	૫૧	ક્ષીરર્ણવ (ખીરાન)
૧૨	વાસ્તુ વિદ્યા	૩૨	પ્રાસાદાલંકાર લક્ષણ	૫૨	કેશરી વાસ્તુ
૧૩	વાસ્તુ શિરો[illegible]	૩૩	પ્રાસાદ કલ્પ	૫૩	વાપિચક્ર
૧૪	વાસ્તુ સંગ્રહ	૩૪	ક્ષીરાર્ણવ	૫૪	વિહાર કારિકા
૧૫	વાસ્તુ સમુચ્ચય	૩૫	સમરાઙ્ગણ	૫૫	મઢપીઠ ગાથા
૧૬	વાસ્તુ સાર	૩૬	પરિમાણ મંજરી	૫૬	નિર્દોષ વાસ્તુ
૧૭	રાજવલ્લભ	૩૭	કાષ્ટશાળા	૫૭	તત્વમાળા
૧૮	આયતત્વ	૩૮	ભુવન દીપક	૫૮	શિલ્પજ્ઞાન
૧૯	સૂત્રધાર	૩૯	કેસરિ રાજ	૫૯	જલયાના
૨૦	વિશ્વકર્મામત	૪૦	રાજગૃહ નિર્માણ	૬૦	માનવ સૂત્ર
				૬૧	શિલ્પ સાહિત્ય

શિલ્પશાસ્ત્ર સંબંધી જોવામાં આવેલા ગ્રંથોનું સુચિપત્ર.

૧	શ્રીવિશ્વકર્મા પુરાણ	૧૩	રૂપમંડન
૨	રાજવલ્લભ	૧૪	વાસ્તુમંજરી
૩	આયતત્વ	૧૫	વાસ્તુમંડન
૪	સૂત્રધાર	૧૬	ભુવનદીપક
૫	પ્રાસાદમંડન	૧૭	પ્રાસાદ સારસંગ્રહ
૬	વિશ્વકર્મા પ્રકાશ	૧૮	શિલ્પશાસ્ત્ર
૭	અપરાજીત	૧૯	રૂપાવતાર
૮	જ્ઞાનરત્ન કોષ	૨૦	સમરાંગણ
૯	પરિમાણમંજરી	૨૧	ક્ષીરાર્ણવ
૧૦	વાસ્તુપ્રદીપ	૨૨	વિશ્વકર્મા વિદ્યાપ્રકાશ
૧૧	દ્રષ્ટિટાનયન	૨૩	નિર્દોષવાસ્તુ
૧૨	લગ્નશુદ્ધિ	૨૪	કેસરિયાસાર

આ ગ્રંથસાગરમાંથી સાર લઇને, શિલ્પ સાર સંગ્રહ નામનો ગ્રંથ આ જ્ઞાતિને બોધ અર્થે છે. પ્રથમ પિતામહના ગુણ વર્ણવું છું. તે પદ્મ પુરાણ, સ્કંધ પુરાણ, ભાગવત પુરાણ, વિશ્વકર્મા પુરાણાદિમાં છે. તે પરથી સાર માત્ર, જેમ સાગરમાંથી પક્ષી ચાંચ ભરી તૃપ્ત થાય છે, તેમ આ અમૃતસાગર રૂપી પુરાણોમાંથી રસ માત્ર ગ્રહણ કર્યો છે.

विश्वकर्माज्ञान.

ओ३म् तत्सत् परमात्माने नमः अथ श्रीशिल्पशास्त्र संग्रह प्रारंभः

આ વિશ્વકર્માનાં કેટલાં સ્વરૂપ છે? અહીં ક્યાં પ્રગટ થયા છે? તે કહીયે છીએ.

॥ तत्रादौ श्री विश्वकर्म स्वरूप वर्णनम् ॥

श्लोक. अष्टभुजाविश्वकर्मा सर्वदेवपितामहः ।
चतुर्भुजोविश्वकर्मा सर्वदेवः सुपूजितः ॥१॥
सर्वशास्त्रप्रवक्ताच देवानांचगुरोर्गुरुः ॥
द्विभुजोविश्वकर्मा च स्थावरोजंगमापिता: ॥२॥
पुरुषोदेवपुरुषो जानोमानी च सुंदरः ॥
पुरुषोष्टभुजश्चैव ब्रह्म कार्यविशारदः ॥३॥
अनंतशक्तिरेतस्य स्थावरं जंगमेषुच ॥
अष्टभुजोविश्वकर्मा सर्वदेवपितामहः ॥४॥
प्रजापतिश्चतुर्भुजो चतुर्वेदविशारदः ॥

વિશ્વકર્માનું જ્ઞાનબોધક નામનું પુરાણ તેના શ્લોક આશરે સાત હજાર, અધ્યાય ૧૭૫, અને સ્કંધ ૧૨. એ પુસ્તક સુરતમાં રહેલા સોનીના ચકલા આગળ, રણછોડજીના મંદિરમાં મળ્યા પાસે છે.

अतीवसुंदरःश्रीमान् कामदेवसमप्रभः ॥५॥
ज्ञानेनवयसावृद्धो दर्शनीयः किशोरवत् ॥
चतुर्भुजाविश्वकर्मा शिल्पिनांचगुरोर्गुरुः ॥६॥
शुद्धंकुलंब्रह्मकुलेचजातो योविश्वकर्माजगतिप्रसिद्धः ॥
कृतेयुगेयासहदेवसंघैः स्तुतिःकृतायापृथिवीधरैश्च ॥७॥
हेमंतेप्रथमेमासे दशम्यांभृगुवासरे ॥
मनुनाप्रार्थितस्त्वष्टा रेवत्यांक्षऽमरेगणे ॥८॥
शुभेलग्नेशुभेपक्षे मुहूर्त्तेऽभिजितिस्वयं ॥
सर्वलोकाहितार्थाय जातोवैलोकशर्मकृत् ॥९॥
कार्तिकस्यसितेपक्षे पौर्णमास्यांशुभेतिथौ ॥
लग्नेशुभेचकर्णवे राशियोगसमाकुले ॥१०॥
चतुर्भुजोविश्वकर्मा चराचरपतिःसदा ॥
सोमनाथात्समुत्पन्नः प्रभासेस्थानउत्तमे ॥११॥
त्वष्टावैविश्वकर्माच एकएवनसंशयः ॥
त्वष्टाचभद्रशीलश्च भद्रभद्रैक भाजनः ॥ १२ ॥
भुक्तिमुक्तिप्रदोनित्यं जगतांचसुखावहः ॥
सर्वेषां शिल्पिनां स्रष्टा जगत्सत्रामित्रस्थितः ॥१३॥

જે આઠ ભુજાવાળા વિશ્વકર્મા છે. તે સર્વ દેવતાઓના પિતામહ છે; તથા જે ચાર (૪) ભુજાવાળા વિશ્વકર્મા છે, તે સકળ દેવોએ પૂજિત છે; તેમજ સમસ્ત શાસ્ત્રના પ્રકાશક છે. અને દેવ માત્રના ગુરૂ છે, અને સ્થાવર (સ્થીર રહેનાર પ્રાણી વા પદાર્થ), જંગમ (હાલતા ચાલતા પ્રાણિ) ના રક્ષણ કરનાર જે વિશ્વકર્મા છે, બે ભુજાએ કરી વિદ્યમાન છે. વળી કેવા છે? સુંદરાકૃતિવંત, અને સર્વમાન્ય, તથા બ્રહ્મકર્મને વિષે અતિ પ્રવીણ, એ, વા દેવપુરૂષ, આઠ ભુજા સહિત પ્રકટ થયા; તથા સ્થાવર જંગમમાં અનંત શક્તિયુત પ્રકાશવંત છે. અને સર્વ દેવોનુ સંરક્ષણ કરનાર છે. તથા સમસ્ત પ્રજાના પતિ, ચાર વેદના જ્ઞાતા, વા વે[illegible], અને કામદેવના સમાન અત્યંત સુંદર સ્વરૂપવંત છે. તે વિશ્વકર્મા ચતુર્ભુજથી (ચાર હાથ સહિત) પ્રકટ થયા. તે જ્ઞાનમાં અને વયમાં વૃદ્ધ છતાં, કિશોર અવસ્થાવાળા દેખાય છે, દર્શન કરવા યોગ્ય છે! અને શિલ્પકર્મ કરનારના ગુરૂના પણ ગુરૂ છે; તે જગત્ પ્રસિદ્ધ વિશ્વકર્મા, સત્યયુગને વિષે શુદ્ધ બ્રહ્મ કુળમાં દેવોના સમૂહ સહવર્તમાન રાજાઓએ અને શ્રી મનુજીએ પ્રાર્થના (સ્તુતિ) કરી; તેથી માગશિર માસની દશમીને દિવસે શુક્રવાર, રેવતી નક્ષત્ર, દેવગણ, શુભલગ્ન, શુકલપક્ષ અને અભિજિત મુહૂર્તે (સાડાઅગ્યાર અને સાડાબાર વાગ્યાના વચેનો સમય, તે વખતે) સમસ્ત લોકના જીવોને સુખ આપનારા, શ્રી વિશ્વકર્મા, કેવળ લોકહિતાર્થે પ્રકટ થયા. અને ચાર ભુજાવાળા

વિશ્વકર્મા. કાર્તિક શુદ પુનેમને દિવસે, શુભલગ્ન, શુભરાશિ, શુભકર્મ અને શુભ યોગના સં- યોગે સ્થાવર જંગમના પતિ પ્રભાસ (પાટણ) ને વિષે શ્રી સોમનાથથી પ્રકટ થયા. તથા અનેક નામથી જગ વિદિત થયા. આગળ ત્વષ્ટા, વિશ્વકર્મા, ભદ્રશીલ, ભદ્રબાહુ, વગેરે નિરાળાં નામો છે; પરંતુ સમગ્ર એકજ સ્વરૂપ છે પણ ભિન્ન ભિન્ન નથી ! તે વિશ્વકર્મા. નિરંતર અત્યુત્તમ સુખ વૈભવ તથા મોક્ષસુખ આપનાર, શિલ્પીના સ્રષ્ટા (બ્રહ્મા) જે વિશ્વકર્મા સમસ્ત જગજીવોના નેત્રરૂપ પ્રકટ થયા ૧-૧૩

सर्वनिर्माणकर्तासौ स्थावरेजंगमेपिवा ॥
सन्निधिर्जगतःकर्ता सर्वलोकपितामहः ॥१४॥
उत्पत्तिस्थितिसंहार विश्वकर्मामहिप्रभुः ॥
विश्वरूपात्समुत्पन्नाः सुताश्चापिविशेषतः ॥१५॥
सिद्धिबुद्धिसमन्पन्ने समुत्पायाऽददात्पुरा ॥
शुक्रायोर्जस्वतिर्दत्ता संज्ञांच भानवे ददौ ॥१६॥
पंचर्षीनजनयत्सत्ता विश्वकर्मसुतास्त्विमः ॥
मनुर्मयस्तथात्वष्टा शिल्पितक्षश्च स्तथैवच ॥१७॥
एतेपंचमहारूपा विश्वकर्मसमुद्भवाः ॥
मनु पूर्वमुखोद्भवो मयोयाम्यमुखोद्भवः ॥ १८ ॥
पश्चिमास्यात्समुत्त्वष्टा तक्षकश्चोत्तरास्यतः ॥
ऊर्ध्वास्याच्छिल्पिसंभूतिः पंचगर्भमुनीश्वराः ॥१९॥
मयोब्रह्मस्यकर्तास्यात् मनुर्वैलोहकारकः ॥
शिलारीपाषाणभेदज्ञ त्वष्टाभांडारिकस्मृतः ॥२०॥
सुवर्णभेदनिपुणो तक्षकोंतमतिष्ठितः ॥
विश्वकर्माज्ञयासर्वे स्वस्वकर्मणिसंस्थिताः ॥२१॥
मनुसंहारकर्ताच मयोत्रैलोक्यपालकः ॥
त्वष्टाचोत्पत्तिकर्तास्य शिल्पिकोगृहकारकः ॥२२॥
दैवज्ञःसर्वभूपानां कार्यंचहितकाम्यया ॥
एश्वरंमनरूपंच मयरूपंतुवैष्णवं ॥ २३ ॥
त्वष्टाविरंचिरूपश्च माहेंद्रं शिल्पिकस्यच ॥
रूपंनारायणस्यैव दैवज्ञस्यप्रकीर्तितं ॥२४॥
पंचरूपाणियोवेद मुच्यतेसर्वकिल्बिषात् ॥
मृदाकाष्ठेनलोहेन पाषाणैः पारदेनवा ॥२५॥

તે વિશ્વકર્માજ સ્થાવર જંગમ પદાર્થોને પણ બ્રહ્મરૂપથી નિર્માણ (પેદા) કરે છે; તથા તેઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને વિશે પણ સમર્થ છે. એહવા આ વિશ્વકર્માથી પાંચ પુત્ર અને પાંચ પુત્રીઓ ઉત્પન્ન થયેલ; એટલે સિદ્ધિ ૧ બુદ્ધિ ૨, ઉર્જસ્વત ૩, સંજ્ઞા ૪, અને પાંચમી ૫ એ પાંચ પુત્રીઓ પૈકી સિદ્ધિ તથા બુદ્ધિને શ્રી ગણપતિને પરણાવી, તેના અંગથી લક્ષ અને લાભ નામના બે પુત્ર થયા છે, તથા ઉર્જસ્વતિ શુક્રાચાર્યને પરણાવી, સંજ્ઞા સૂર્યને પરણાવી અને પાંચમી કન્યા મનુને પરણાવી એ પાંચે વિશ્વકર્માની પુત્રીઓનાં અને તેઓના પતિઓનાં નામ કહ્યાં. હવે પાંચ પુત્રનાં નામ કહીએ છીએ. મનુ ૧, મય ૨, ત્વષ્ટા ૩, શિલ્પી ૪, અને તક્ષક=દૈવજ્ઞ એ પ્રકારપે વિશ્વકર્માથી પાંચ પુત્ર ઉત્પન્ન થયા અર્થાત્ વિશ્વકર્માના પૂર્વ મુખથી મનુ, દક્ષિણ મુખથી મય પશ્ચિમ મુખથી ત્વષ્ટા, ઉત્તર મુખથી તક્ષક અને ઉર્દ્ધ મુખથી શિલ્પી ઉત્પન્ન થયા, એ પાંચે મુનીશ્વર હતા તેમજ મય સુતારનું કામ કરનાર, મનુ લોખંડનું કામ કરનાર, શિલ્પી પાષાણના ભેદને જાણનાર, ત્વષ્ટા ધાતુનાં વાસણો બનાવનાર અને તક્ષક સુવર્ણ (સોના) ના ભેદને જાણનાર વા સુવર્ણનાં આભુષણો બનાવવામાં પ્રવિણ, વિશ્વકર્માની આજ્ઞાથી એ પાંચે પુત્રોએ ઉક્ત પ્રમાણે પોતપોતાના કાર્યમાં તત્પર રહ્યા. મનુ સંહારકર્તા છે, મય લોકનું પાલણ કર્તા છે, ત્વષ્ટા વિશ્વને ઉત્પન્ન કરનાર છે શિલ્પી પ્રાસાદ (દેવમંદિર) આદી બનાવનાર છે અને તક્ષક=દૈવજ્ઞ સોનાનાં ઘરેણાં (દાગીના) બનાવનાર છે. આ પ્રમાણે પૃથક્ પૃથક્ રૂપનાં પૃથક્ પૃથક્ કામો કેવળ લોક કલ્યાણાર્થે નિર્માણ કર્યા છે. મનુ શંકર રૂપ છે, મય વિષ્ણુ રૂપ છે, ત્વષ્ટા બ્રહ્મા રૂપ છે, શિલ્પી મહેંદ્ર રૂપ છે અને દૈવજ્ઞ નારાયણ રૂપ છે એમ જે પુરૂષ એ પાંચે રૂપને જાણે તે સર્વ પાપથી મુક્ત થાય! ઉક્ત વર્ણવેલા પાંચ પુરૂષો ક્રમે કરી માટી, લાકડું, પત્થર અને ધાતુ વગેરે ચીજોનાં વિચિત્ર વિચિત્ર રૂપાદિની વિવિધ પ્રકારની રચનાઓ રચે છે તથાઃ— ૧૪—૨૫

रचयन्तिविचित्राणि रूपाणिविविधानिवै ॥
दिव्यान् भौमांतरिक्षांश्च मानान्संदर्शयन्तिये ॥२६॥
पांचालास्तेसदापूज्या प्रतिमाविश्वकर्मण ॥२७॥
अचेतनं चेतनकार्यकारी कुर्वंतियत्रप्रतिमादिकं च ॥
स्वयंवहंतोशिशुमारचक्रं रथाश्विमानानिच खेचराणि ॥२८॥
रजतस्यमनोर्दंडो वेणुदंडोमयस्य च ॥
त्वष्टुश्चस्यताम्रदंडस्यात् लोहदंडश्चशिल्पिनां ॥२९॥
सुवर्णदंडआख्यातो दैवज्ञस्यागमात्मकः ॥
पंचदंडाश्चयोवेद मुच्यतेवसर्वतोभयात् ॥३०॥
रंजतस्यमनोःसूत्रं ब्रह्मसूत्रंमयस्यच ॥
ताम्रसूत्रंत्वाष्टिकस्य कार्यांसांशिल्पिकस्यच ॥
दैवज्ञस्यसमाख्यातं स्वर्णसूत्रंमहर्षिभिः ॥३१॥
एकदापंचपुत्रास्ते पप्रच्छुः पितरंप्रति ॥

तत्रपूजाविधिंब्रूहि कथंकार्यासुखेच्छुना ॥३२॥
कस्मिन्पुत्रस्थला कल्पे मादुर्भावस्तवप्रभो ॥
तवोत्पत्तिप्रकारंचं कथयस्यकृपानिधे ॥ ३३ ॥

श्रीविश्वकर्मोवाच—

स्तंभोछ्रयेशिलान्यासे मोभेचेद्वारकेतथा ॥
पुजयेत्प्रवेशेचै अन्यथादुःखभागभवेत् ॥३४॥
गजाननंतुसंपुज्य सिध्धिबुधिसमन्वितं ॥
कंबासूत्रादिसंपुज्य आचार्यंपुजयेततः ॥३५॥
सूत्रधारश्चशिल्पीच पूजनीयोप्रयत्नतः
दक्षिणांब्राह्मणेभ्यश्च दत्वाकर्मसमारभेत् ॥३६॥
एवंपूजाप्रकर्तव्या सुखसंपद्धिवृद्धय ।
अतःपरंप्रवक्ष्यामि ममोत्पत्तिंसुखप्रदां ॥
धूर्जटिस्कंदसंवादं वक्ष्यामिहितकाम्यया ॥३७॥

દેવલોક મૃત્યુલોક અને આકાશના ભાગને પણ ચિત્ર વિચિત્ર દેખાડે છે. એ પંચરૂપ શ્રી વિશ્વકર્માની પ્રતિમારૂપ છે, માટે ભુવન પ્રાશાદા શુભ કામોમાં તે પાંચાલ (પાંચે) નું અવશ્ય પૂજન કરવું; કેમકે અચેતનને ચેતન કરનાર અને યંત્ર (સાંચા પ્રતિમા નિરમાણ કરેછે; એટલુંજ નહિ પણ પોતે શિણગાર ચઢને વહન કરે છે તથા રથ આકાશ માર્ગે ચાલતા વાલાં વિમાનોની રચના કરી છે. એ પાંચ રૂપ પૈકી મનુને રૂપાનો, મયને વાંસનો, ત્વષ્ટાને તાંબાનો, શિલ્પીને લોહાનો અને દૈવજ્ઞને સોનો દંડ ધારણ કરેલા છે. એ પાંચ રૂપના દંડને જે જાણે તેને દુઃખના ભય નિર્વાણ થાય છે. પુનઃ તે પાંચ રૂપે જે સૂત્ર ધારણ કરેલ છે તે એજકે મનુને રૂપાનું સૂત્ર, મયને બ્રહ્મ સૂત્ર ત્વષ્ટાને તાંબાનું. શિલ્પીને કપાસનું અને દૈવજ્ઞને સુવર્ણનું સૂત્ર છે.

એક વખત ઉક્ત પાંચ પુરૂષોએ (પૂત્રોએ) પોતાના પિતા (વિશ્વકર્મા) પ્રત્યે પુછ્યું કે હે પિતા! સુખને ઇચ્છનારા પુરૂષે એ આપનું પૂજન શી રીતે કરવું? તે ફરમાવો! ત્યારે વિશ્વકર્માજીએ કહ્યું કે ભુવન તથા પ્રાસાદનો આરંભ કિંવા સ્તંભો, છાદ્ય, મોભ, દ્વાર, શાખા અને પ્રવેશ વખતે એટલાં સ્થાનોએ મારૂં અવશ્ય પૂજન કરવું જેઓ નહી કરે તેઓને દુઃખ પ્રાપ્ત થાય છે; માટે પ્રથમ રિદ્ધિ બુદ્ધિ સહિત ગણપતિનું પૂજન કરી ગજ સૂત્ર આદિની પુજાકરી તથા આચાર્યોનું પૂજન કરી પછી સૂત્રધાર (સુથાર) શિલ્પી (શલાટ—કડીયા) નું પૂજન કરી બ્રાહ્મણોને દક્ષિણા આપી અગાડી જે કાર્ય કરવું હોય તે કરવું. ॥૨૫—૩૫॥ વિશ્વકર્મા કહે છે કે હે પુત્રો સુખ સંપતિની વૃદ્ધિને માટે એ પ્રકારે મારી પૂજા કરવી એથકી ઉપરાંત સુખને આપવાવાળો મારી ઉત્પતિનો પ્રકાર કે જે મહાદેવજી અને કાર્તિક સ્વામી વચ્ચે થયેલો સંવાદ તે કહુંછું.

શ્લોક. कियताचैव कालेनआत्मेच्छासमपद्यत ॥
ततोत्रैप्रकृतिर्जाता मूलकारणमित्युत ॥३८॥

अष्टोभुजाश्चयस्याःस्युर् विचित्रवसनाशुभा ।
एकाचंद्रसहस्रास्य सुंदरांगी च नित्यशः ॥ ३९ ॥
नानाभरणसंयुक्ता नानाशक्तिसमन्विता ॥
नानायुधधरादेवी प्रफुल्ला पंकजाक्षिका ॥ ४० ॥

અર્થ—કોઈ એક કાળને વિષે પ્રભુને ઇચ્છા થઇ કે તત્કાલ મૂલ કારણ રૂપ એક પ્રકૃતિ નામની સ્ત્રી-દેવી પ્રગટ થઇ ॥ ૩૮ ॥ તે દેવી કે આઠ જેને હાથ છે વિચિત્ર જેનું શરીર છે ને હજાર ચંદ્રના જેવી જેની કાંતી એવું મુખબિંબ છે ॥ ૩૯ ॥ વળી નાના પ્રકારના આભુષણ યુક્ત અને નાના પ્રકારની શક્તિઓ સહવર્તમાન ને નાના પ્રકારના આયુદ્ધ યુક્ત એવી જે કોઇ દેવી જેના કમળ સરખાં નેત્ર છે તેવી ઉત્પન્ન થઇ ॥ ૪૦ ॥

श्लोक. अचिंत्यतेजसायुक्ता सर्वयोनिसमुद्भवा ॥
एकाकिनीहिसामाया संयोगीचाप्यनेकिका ॥४१॥
चिंतयामाससामाया किंकरिष्याम्यतःपरं ॥
यतोविप्रकृतिर्देवी ततोवैपुरुषस्तदा ॥ ४२ ॥
उभौ च मिलितौ तत्र विचारेतत्परौमुने ॥
आवाभ्यांकिंप्रकर्तव्यं ध्यायतः स्मपरस्परं ॥४३॥
एतस्मिन्नंतरेवाणी समुत्पन्नाऽगुणाशुभा ॥
तपश्चैवप्रकर्त्तव्यं संशयस्यापनुत्तये ॥
ततस्ताभ्यांचतच्छ्रुत्वा तपस्तप्रमुदारुणां ॥४४॥

અર્થ—ચીંતવનમાં આવે તેવું જે તેજ તેણે યુક્ત જીવ માત્રને ઉત્પન્ન કરવા વાળી એવી એકલી પ્રકૃતિ તે પુરૂષના સંબંધી અનેકરૂપ ધારણ કરે ॥ ૪૧ ॥ એટલામાં જ્યાંથી તે દેવી ઉત્પન્ન થયેલી ત્યાંથી એક પુરૂષ પ્રકટ થયો તે બન્ને જણ તે ઠેકાણે મળ્યાં હે મુને ! એ બન્ને જણ વિચારમાં પડયાં કે આપણે શું કરવું ॥ ૪૨ ॥ એમ પરસ્પર ધ્યાન કરતાં હતાં એટલામાં એચિંતિ આકાશમાં સુંદર વાણી "તપ તપ" એવી થઇ તે સાંભલિ નિશ્ચે થયો જે તપ કરવો કે જેથી સંશય મટે ॥ ૪૩ ॥ ૪૪ ॥

श्लोक. कियत्कालंतदाब्रह्म ध्यानमार्गपरायणौ ॥
युगअब्दसहस्राणि ते प्तेदारुणंतपः ॥४५॥
प्रकृतिःपुरुषश्चैव प्रबुद्धौध्यानमार्गतः ॥
प्रबुद्धौविस्मयंप्राप्तौ कियदेतन्महाद्युतिः ॥४६॥
आद्यमायाजगत्सृष्टि विचारप्रकरोत्तदा ॥
स्वेच्छयापुरुषंजज्ञे कृतिनाम्नींस्त्रियंतथा ॥४७॥
तयोस्तुयःपुमान् विश्वकर्मेतिसमुदाहृतः ॥४८॥

तमद्भुतंपुरुषंप्रभुजेक्षमं चतुर्भुजंपंचमुखंत्रिनेत्रं ॥
श्रीवत्सलक्ष्मांगदकोटिकौस्तुभं पितांम्बरंस्फाटिकमौक्तिकोपमं ॥४९॥

અર્થ—પછી તે પ્રકૃતિ પુરૂષે દારૂણ તપ કર્યાં કેટલાક કાલ પર્યંત બ્રહ્માના ધ્યાનમાં તત્પર થઇ બાર હજાર વર્ષ સુધિ તપ કર્યો ॥ ૪૫ ॥ ઉપર કહેલાં વર્ષો અંતે પ્રકૃતિ પુરૂષને જ્ઞાન થયું ને તેજોમય રૂપ જોવામાં આવ્યાથી આશ્ચર્ય પામ્યાં ॥ ૪૬ ॥ પછી આદિ માયાએ વિચાર કરયો કે સૃષ્ટિ કરવી પછી પોતાની ઇચ્છા વડે વિશ્વકર્મા નામે પુત્ર ઉત્પન્ન કર્યો અને કૃતિ નામનિ કન્યા ઉત્પન્ન થઇ ॥૪૭॥ પુરૂષ અને સ્ત્રી બે પ્રકટ થયાં, તેમાં પુરૂષ તે વિશ્વકર્મા અને સ્ત્રી તે વિશ્વકર્માની સ્ત્રી કૃતિ. ॥૪૮॥ તે પુરૂષને ચાર હાથ પાંચ મુખ ત્રણ નેત્ર શ્રીવત્સલાંચ્છન બાજુબંધ શોભાયમાન કૌસ્તુભ તથા પીળાં વસ્ત્ર ધારણ કરેલ અને સ્ફટીક તેમજ મોતિના જેવી કાંતિ જેવી એવા અદ્ભુત બાળક રૂપે વિશ્વકર્મા પ્રકટ થયા ॥ ૪૯ ॥

श्लोक. प्रकृत्याप्रेरितःसृष्टौ अनिच्छंस्तपमास्थितः ॥
ततस्ताभ्यांसमभव दंडंविश्वसमुद्भवं ॥ ५० ॥
नदंडंसमुवासाप्सु सहस्रपरिवत्सरान् ॥
तस्मिन् पुमान् विश्वरूपो नारायणइतिस्मृतः ॥५१॥
यस्याम्भसिशयानस्य योगनिद्रांवितन्वतः ॥
नाभिरुदांबुजादासीत् ब्रह्माविश्वसृजांपतिः ॥५२॥
विचारमकरोद्ब्रह्मा किं कर्त्तव्यंमयाधुना ॥
तदाब्रवीन्नभोवाणी तपः कर्तुंस्थिरोभव ॥५३॥
विरिंचोपितथाचक्रे दिव्यवर्षशतंतपः ॥
आत्मन्यात्मानमावेद्य यदाह भगवानजः ॥५४॥

અર્થ—પ્રકૃતિ ને પુરૂષે વિશ્વકર્માને કહ્યું જે તમે સૃષ્ટિ કરો ત્યારે સૃષ્ટિની ઇચ્છા નહિ કરતાં તપ કરવા બેઠા પછી પ્રકૃતિ પુરૂષથી ઇંડું થયું ॥ ૫૦ ॥ તે ઇંડું હજાર વરસ સુધી પાણીમાં રહ્યું તે અંડકથી પછી નારાયણ થયા ॥૫૧॥ જલમાં યોગ નિદ્રામાં શયન કર્યું એવા નારાયણના નાભિ કમલથી બ્રહ્મા થયા ॥ ૫૨ ॥ પછી બ્રહ્માએ વિચાર કર્યો કે મારે શું કામ કરવું? તે સમયે આકાશવાણી થઇ જે તમે તપ કરો ॥ ૫૩॥ એ રીતે આકાશ વાણીરૂપ ભગવાનનું વચન સાંભળીને સ્થિર ચિત રાખીને દેવના સો વરસ સુધી તપ કર્યો. ॥૫૪॥

॥ श्रीभगवानुवाच ॥

प्रीतोमहस्तुभद्रंते लोकानां विजयेच्छया ॥
यदस्तौषीर्गुणमयं निर्गुणंमानुवर्णयन् ॥५५॥
प्रजाःसृजाहितात आज्ञय मदनुग्रहात् ॥
एवमुक्त्वाऽथविश्वेशो जगामस्वालयंविभुः ॥५६॥

અર્થ—ત્યાર પછી ભગવાને બ્રહ્માને કહ્યું કે હું તમને પ્રસન્ન થયો છું લોકના જયને માટે તમે તપ કર્યો અને નિર્ગુણ નિસગુણ સ્તુતી કરી તેથી ॥ ૫૫ ॥ હે બ્રહ્મા મારા અનુગ્રહથી મારી આજ્ઞાએ કરીને પ્રજા ॥ સૃષ્ટિ કરો એ રીતે કહીને ભગવાન્ અંતર્ધ્યાન થઇ ગયા. ॥ ૫૬ ॥

तनःप्रजापतिः साक्षात्ससर्जात्मसमाःप्रजाः ॥
सनकंचसनंदंच सनातनमथात्मभूः ॥ ५७ ॥
सनत्कुमारंच ऋषींन्निष्क्रियानूर्ध्वरेन सः ॥५८॥

અર્થ—એ પ્રમાણે ભગવાન્ અંતરધ્યાન થયા પછી બ્રહ્માએ પોતાના સરખી પ્રજા ઉત્પન્ન કરી સનક સનંદન, સનાતન સનતકુમાર એ ચાર નૈષ્ટિક બ્રહ્મચારી નિરપેક્ષ એવા રૂષિ થયા ॥ ૫૭ ॥ ૫૮ ॥

ब्रह्मस्तनाद्दक्षिणतो धर्मोनारायणःस्वयं ॥
उत्संगान्नारदोयज्ञे दक्षोंगुष्ठात्स्वयंभुवः ॥५९॥
वाक्ष्यांवैजनयामास दक्षः प्राचेतसस्तदा ॥
षष्टिंजनयामास कन्याः कमललोचनाः ॥६०॥
प्रादात्सदशधर्माय कश्यपायत्रयोदश ॥
अरुंधतीवसुर्जामिर्लंबाभानुर्मरुत्वति ॥ ६१ ॥
संकल्पाचमुहुर्त्ताच साध्याविश्वाचकथ्यते ॥
धर्मपत्न्यस्त्विमाःप्रोक्ता वसुसृष्टिंनिबोधय ॥६२॥

બ્રહ્માના દક્ષિણ સ્તન થકી નારયણ રૂપ ધર્મ પ્રકટ થયા ઉત્સંગ થકી નારદજી થયા અંગુઠાથી દક્ષ પ્રજાપતી થયા ॥ ૫૯ ॥ પ્રચેતાના પુત્ર દક્ષને વારક્ષ નામની જે પોતાની સ્ત્રી તેને વિષે ૬૦ કન્યા ઉત્પન્ન કરી ॥ ૬૦ ॥ તેમાંની ૧૦ કન્યા ધર્મને આપી. ૧૩ કશ્યપને આપી ધરમની સ્ત્રીનાં નામ અરૂંધતી, વસુ, જામી, લંબા, ભાનુ, મરૂત્વતી ॥ ૬૧ ॥ સંકલ્પા, મુહુર્તા, સાધ્યા, વીશ્વા, એ ધરમની સ્ત્રીઓ છે હવે વસુ નામની સ્ત્રીથી આઠ વસુ ઉત્પન્ન થયા તે ॥ ૬૨ ॥

ज्योतिष्मं तश्चयेदेवा व्यापकाः सर्वतो दिशं ॥
वसवस्ते समाख्याता स्तेषांनामानि मेशृणु ॥ ६३ ॥
आपो ध्रुवश्च सोमश्च धरश्चैवा निलोनलः ॥
प्रत्युषश्च प्रभासश्च वसवोष्टौ प्रकीर्तिताः ॥ ६४ ॥

અર્થ—સર્વ દીસામાં વ્યાપક અને પ્રકાશમાન એવા જે દેવો એ વસુ નામે કહ્યા તેઓનાં નામ ॥ ૬૩ ॥ આપ ધ્રુવ, સોમ, ધર, અનીળ, અનળ, પ્રત્યુષ, અને પ્રભાસ. ॥ ૬૪ ॥

विश्वकर्मा प्रभासस्य पुत्रोभूत् कीर्त्ति वर्धनः ॥
अभिज्ञस्तं विजानाति विश्वरूपं कृतः पतिः ॥ ६५ ॥

कार्तिकस्य सितपक्षे एकादश्यां शुभे तिथौ ॥
लग्ने शुभे च कर्णे च राशियोग समाकुले ॥
द्विभुजो विश्वकर्मा च चराचर पतिः सदा ॥ ६६ ॥

અર્થ-કાસીમાં એવા જે વિશ્વકર્મા તે પ્રભાસ વસુથી ઉત્પન થયા તે કૃતીના પતી જે વિશ્વકર્મા છે તેને ગ્નાની પુરૂસો જાણેછે ॥૬૫॥ તથા કારતક મહીનાના શુકળપક્ષની ૧૧એ દસી શુભ લગ્ને શુભ રાસી શુભ યોગમાં ચરાચરના પતી જે વિશ્વકર્મા તે બ્રી ભુજ રૂપે પ્રગટ થયા. ॥ ૬૬ ॥

त्वष्टुः प्रजापते पुत्रो निपुणः सर्वकर्मसु ॥
कृतोपनयनः सोथ बालो गुरुं कुले वसन् ॥ ६७ ॥
चकार गुरु शुश्रूषां भिक्षान्न कृत भोजनः ॥ ६८ ॥

અર્થ—વિશ્વકર્માના પુત્ર ત્વષ્ટા તે સર્વે કર્મમાં કુશળ. ॥ ૬૭ ॥ તેમને યજ્ઞોપવીત આપ્યા પછી ગુરૂને ત્યાં વિદ્યા અભ્યાસ કરવા માટે રહ્યા ત્યાં ભિક્ષાન્ન ભોજન કરીને, એક નિષ્ઠાએ ગુરૂની, સેવા કરી. ॥ ૬૮॥

एकदा तद्गुरुः प्राह प्रावृट् काले समागते ॥
कुरुट जंमदर्थं त्वं यथा प्रावृण्न वाधते ॥ ६९ ॥
यत्कदाचिन्न भज्यतेन पुरातनतां व्रजेत् ॥
गुरु पत्न्यात्वाभिहितो रेत्वाष्ट्र कुरु कंचुकम् ॥ ७० ॥
ममांग योग्यंमो गाढं नश्लथं च प्रयत्न तः ॥
विनैव वासमा चारु वाल्कलं च सदोज्ज्वलम् ॥७१॥

એક સમયને વિષે વર્ષા રૂતુમાં ગુરૂ ત્વષ્ટાને કહે છે હે ત્વષ્ટા! મને આ વરસાદ બાધ નહીં કરે તથા ॥૬૯॥ જે મઠ જીર્ણું નહી થાય અને કોઈ દીવસ ભાગી ન પડે એવો કુટજ (આશ્રમ) કરી આપો એ પ્રમાણે ગુરૂએ ત્વષ્ટાને કહ્યું. ॥૭૦॥ પછી ગુરૂ પતિન કહે છે હે ત્વષ્ટા! મારા શરીરને યોગ્ય અને નહીં ઘાઢ અને નહી શિથિળ એવી કંચુકી બનાવી આપો ॥૭૧॥ તે કેવી? વસ્ત્ર વિનાની મોટી ઉજવળ વૃક્ષની છાલની બનાવી આપો. ॥૭૧॥

गुरु पुत्रेण चाज्ञप्तो धर्मार्थं पादुके कुरु ॥
यदा कुर्वस्यमे पादौ न पंकः संस्पृशत्काचिन् ॥७२॥
चर्मादिबंधनिर्मुक्ते धावतो मे सुख मदे ॥
याभ्यां च संचरेवारि स्थल भूमा विवद्वुत्तम् ॥७३॥
गुरु कन्यार्थितं प्राह त्वाष्ट्र मे श्रवणा चिते ॥
भूषणे स्वेन हस्तेन कुरु कांचन नीर्मीते ॥७४॥

આર પછી ગુરૂ પૂત્રે ત્વષ્ટાને કહ્યું હે ત્વષ્ટા ! મારે માટે, પાદુકા (પાવડી) બનાવો જે પહેરવાથી મારા પગને કાદવનો સ્પર્શ થાય નહીં ॥ ૭૨ ॥ ચમોડી બાંધ ન કરવું જે પહેરીને જલદી ચાલવા થકી પણ દુઃખ ઉત્પન થાય નહીં અને જેનો પાણીનો સ્પર્શ થાય નહીં ॥ ૭૩॥ ગુરૂ કન્યા ત્વષ્ટાને કહે છે, કે મારે માટે સોનાના કુંડળ હાથે બનાવી આપો ॥૭૪॥

कुमारी क्रीडनी यानि कौतुकानिच देहिमे ॥
दंतिदंत मयान्येव स्व हस्त रचितानि च ॥७५॥
गृहोपकरणं द्रव्यं मुसलो लूखलादिकम् ॥
तथा घटयमेधावि न्यथा त्रुट्याति न कचित् ॥ ७६ ॥
अक्षालितान्यपियथा नित्यं पीढानिसत्तम ॥
युज्ज्वलानि भवंत्ये व स्थालिकाश्च तथा कुरु ॥७७॥

અને છોડીઓને રમત કરવાનાં જે પદાર્થો, તે હસ્તી દાંતના, ને હાથે રચેલાં ॥ ૭૫. તથા ઘરમાં મુશળ, ઉખળ, (ખાંડણીઓ) આદે ઘરનાં જે સાહીત જોઇએ તે તથા નિત્યે નહીં ધોતાં પણ સારાં રહે એવાં ચોકડી પાણીયારાં, ચુના આદિ પદાર્થોનાં બનાવો. ॥ ૭૬ ॥ ૭૭ ॥

सूप कर्मण्यपिचमां प्रशाधि त्वष्ट नंदन ॥
यथांगुल्यो नदत्यंते पाकः स्याच्च यथा शुभः ॥७८॥
एक स्तंभ मयं ग्रेह मेक दारु विनिर्मित्तम् ॥
तथा कुरुवरं त्वाष्ट्र यत्रेच्छा तत्र धारये ॥ ७९ ॥
ये सहाध्या विनोप्यस्य वयो ज्येष्ठाश्च ते पिहि ॥
सर्वे स्वं समीहंते कर्मतत्कृत मेवाहि ॥ ८० ॥

અને હે ત્વષ્ટા રશોઇની ક્રીયા જેથી હાથ દાઝે નહીં એવી રીતની ક્રિયા તે, તથા સુંદર ભોવન તે એક સ્થંભિયું તથા એક લાકડાનું તે કેવું જે જ્યાં ઇચ્છા હોય ત્યાં લેઈ જવાય. ॥ ૭૯ ॥ હે ત્વષ્ટા તમારા રચેલા પદાર્થો જોઇને તમારા સાથેના ભણનાર વિદ્યાર્થિઓ પણ કરવાની ઇચ્છા કરે. ॥ ૮૦ ॥

तथेतिस प्रतिज्ञाय सर्वेषां पुरतो द्विजः ॥
मध्येवनं प्राविशश्च महाचिंता भयार्दितः ॥८१॥
किंचित्कर्तुंन जानाति प्रतिज्ञातं च ते न वै ॥
सर्वेषां पुरतः सर्वं करिष्यामीति निश्चितम् ॥८२॥
किंकरोमि क गच्छामि को मे साहाय्य मर्पयेत् ॥
बुद्धेरपिवनस्थस्य शरणं कं व्रजामि च ॥८३॥

એ રીતે ગુરૂ, ગુરૂ પત્નિ, ગુરૂની કન્યા અને ગુરૂ પુત્ર, એઓનાં વચન સાંભળી

યોગ્ય કરીને ઊતર નહિ મનમાં ચિંત યુક્ત થઈ વનમાં ગયો. ॥૮૧॥ પોતાના મનમાં ચિંતા કરે છે કે ઉપરનાં પદાર્થો કરવાને માટે ગુરુની આજ્ઞા શિર ચઢાવી પણ એ કામ શી રીતે થશે? ॥૮૨॥ અને શું કરીશ? હું કયાં જઈશ? ને મને સહાયતા કોણ કરશે? એ પ્રમાણે ચિંતા યુક્ત થયો. ॥ ૮૩ ॥

अंगीकृत्य गरोर्वाक्यं गुरु पत्न्या गरो शिशाः ।
यो न निष्पाद् येन्मूढः समंच निरयी नरः ॥८४॥

અર્થ—ગુરુનાં, ગુરુ પતિનાં તથા ગુરુના બાળકનાં વચનને અંગીકાર કરીને તે પ્રમાણે નહીં. કરે તો તે શિષ્ય નરકમાં પડે છે. ૮૪

यावदित्थं चिंतयति सत्वाण्ड्रो वन मध्य गः ॥
तावत्त दैव संप्राप्तस्तेनैकोऽदर्शि तापसः ॥ ८५ ॥
अथ नत्वा सतं प्राह वने दृष्टं तपस्विनम् ॥
को भवान्मान संमेयो नितरां सुखयत्य हो ॥८६॥
त्वद्दर्शने नमे गात्रं चिंता संताप तापितम् ॥
हिमानी गाहने नेव शीतलं भवति क्षणम् ॥८७॥

વનમાં એ પ્રમાણે ચિંતા કરે છે એટલામાં એક તપસ્વી જોવામાં આવ્યા ॥ ૮૫॥ તે તપસ્વીને નમસ્કાર કર્યા. અને કહે છે કે મારા મનને સુખ આપનારાળા તમે કોણ છો? ॥ ૮૬ ॥ ચિંતાએ કરીને સંતપ્ત થયેલ શરીર તે તમારા દર્શનથી ક્ષણ માત્રમાં શિતળ થયું ॥ ૮૭ ॥

किंत्वं मे प्राक्तनं कर्म प्राप्त तापसरूप धृक् ॥
अथवा करुणा वार्धि राविर्भूतः शिवोभवान् ॥ ८८ ॥
योसिसोसि नमस्तुभ्य मुपदेशेनयुंक्ष्वमाम् ॥
गुरूक्तं गुरु पत्न्युक्तं गुर्वपत्योक्त मेवच ॥८९॥
कथं कर्तुं महंशक्तः कर्म तत्र दिशाद्भुतम् ॥
कुरुमे बुद्धि साहाय्यं निर्जने बंधुतां गतः ॥ ९० ॥

તમે તપસ્વી રૂપ મારાં પૂર્વનાં શત કર્મ છો? વા, દયાળુ શંકર છો? ॥ ૮૮ ॥ તમે જે હો તેમને નમસ્કાર કરું છું પણ એવો મને ઉપદેશ કહો કે જેથી ગુરુ તથા ગુરુ પત્નિ અને ગુરુના બાળકની આજ્ઞા પ્રમાણે કરવાને સમર્થ થાઉં. ॥ ૮૯ ॥ આ નિરજન વનમાં તમે મારા બંધુ સરખા છો. માટે મને સાહાયતા કરો ॥ ૯૦ ॥

इत्युक्त स्तेन सवने तापसो ब्रह्मचारिणा ॥
कारुण्य पूर्ण हृदया यथोक्त मुपदिष्टवान् ॥९१॥

य आप्तत्वेन संपृष्टो दुर्बुद्धिं संप्रयच्छयति ॥
सयाति नरकं घोरं यावदा भूतसं प्लवम् ।९२॥

तापस उवाच—

ब्रह्मचारिन् शृणु ब्रूयां किमद्भुत तरं त्विदम् ॥
विश्वेशानुग्रहाद् ब्रह्मा प्यभवत्सृष्टिं कोविदः ॥ ९३ ॥
यदित्वं त्वाष्ट्र सर्वज्ञं काश्यामा राधयिष्यसि ॥
ततस्ते विश्वकर्मेति नाम सत्यं भविष्यति ॥९४॥

आनंद कानने संभोः किं किं केनन लभ्यते ॥
यत्र वांस कृतां पुंसां धर्म राशिः पदे पदे ॥ ९५

એ પ્રમાણે ત્વષ્ટાનું વચન સાંભળી દયા આવી તેથી તે તપસ્વી ઉપદેશ કરે છે કે હે ત્વષ્ટા ! જે માણસને પોતાનો જાણી હિતની વાત પૂછીને તે માણસ દુરબુદ્ધિ બતાવે તો તે પ્રલયકાળ પરીયંત નરકમાં પડે છે. ॥ ૯૧ ॥ ૯૨ ॥

તાપસ કહે છે હે બ્રહ્મચારી સાંભળો એમાં શું આશ્ચર્ય છે! વિશ્વેશ્વરની કૃપા હતી તે બ્રહ્માને સ્ટષ્ટિ કરવાનું સામાર્થ થયું ॥૯૩॥ માટે તમે કાશીમાં જઇને શંકરની આરાધના કરશો તો તમારા મનનું ચિંતીત કારજ થશે અને વિશ્વકર્મા એવું નામ પ્રસિદ્ધ થશે ॥૯૪॥ શંકરના આનંદ વનમાં શું શું ન પ્રાપ્ત થાય! ત્યા રહેવાળા પ્રાણીને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે. ॥ ૯૫ ॥

त्वाष्ट्र उवाच—

तदानंदवनं शंभो क्वास्ति तापस सत्तम ॥
यत्रनो दुर्लभं किंचित्साधकानां च यो स्थितम् ॥९६॥

એવું સાંભળી ત્વષ્ટા તપસ્વીને પુછે છે. તે શંકરનું આનંદ વન ક્યાં છે? જે ત્યાં રહી સાધનવાળા પુરૂષને તત્કાળ શીધી મળે છે. ॥ ૯૬ ॥

स्वर्गे वा मर्त्य लोके वा बलि सद्मनि वा मुने ॥
क्व तदानंद गहनं यत्रानंद पयोब्धिजा ॥ ९७ ॥
यत्र विश्वेश्वरो देवो विश्वेषां कर्ण धारकः ॥
व्याचष्ट तारकं ज्ञानं येनतन्मयतांययुः ॥ ९८ ॥
सुलभा यत्र नियत मानंद वनचारिणः ॥
अपितैः श्रेयसीलक्ष्मीः किं मन्येत्य मनोरथाः ॥ ९९ ॥

તે આનંદ વન સ્વર્ગમાં છે મનુષ્ય લોકમાં કે બળીરાજાના ધામમાં છે? જે આનંદ વનમાં આનંદ લક્ષ્મી વસી છે. તે આનંદ વનમાં જગતને તારવાવાળા વિશ્વેશ્વર તે લોકને તારવાવાળાં જ્ઞાનનો ઉપદેશ કરે છે. વળી આનંદ વનમાં રહેવાવાળા પુરૂષોને કલ્યાણરૂપી લક્ષ્મી સુલભ છે. ॥૯૭-૯૮-૯૯.

कस्त्वां प्रापयेच्छंभोः कथयामि तथा वद ॥
स तपस्वीतितद्वाक्य माकर्ण्य श्रद्धयान्वितम् ॥ १०० ॥
माहागच्छत यामित्वांयिया सुरह मप्यहो ॥
दुर्लभं प्राप्य मानुष्य यदि काशी न सेविता ॥१०१॥
पुनः क नू त्वं श्रेयोभूः क काशी कर्म बंधहृत्॥
वृथागतोहि मानुष्ये काशी प्राप्ति विवर्जनात् ॥ १०२ ॥

માટે હે તપસ્વી ! મને ત્યાં કોણ લેઇ જશેને હું શી રીતે જઇશ ॥૧૦૦॥એવું ત્વષ્ટાનું વચન સાભળી તપસ્વી કહે છે ચાલો હું તેડી જાઉં છું આવો દુર્લભ મનુષ્ય દેહ પામી જે કાશીનું સેવન નહીં કરે તેનો જન્મ મીથ્યા છે ॥૧૦૧॥ ક્યાં મનુષ્ય દેહ અને કર્મના બંધને છોડાવવાવાળી ક્યાં કાશી? જે માણસ કાશી ગયો નથી તેનો જન્મ મિથ્યા છે. ૧-૨

आयुष्यं च भविष्यं च सर्व मेव वृथागतम् ॥
अतोहं सफली कर्तुं मानुष्यं चाति चंचलम् ॥ १०३ ॥
यास्यामिकाशी माया हि मायांहि चात्व मप्यहो ॥
इतितेन सह त्वाष्ट्रो मुनिनाति कृपालुना ॥ १०४ ॥
पुरीं वैश्वेश्वरीं प्राप्तो मनः स्वास्थ मवापच ॥
ततः प्राप्यतां काशीं तापसः क्वाप्य तर्कितः ॥ १०५ ॥

માટે મનુષ્ય દેહ અને આયુશ સફળ કરવા માટે માયા ત્યાગ કરીને હું જાઉં છું ત્યાં તમે પણ આવો. એ રીતે કૃપાળુ તપસ્વીનું વચન સાંભળી ત્વષ્ટા મુની સાથે ચાલ્યા અને જ્યારે તપસ્વી ને ત્વષ્ટા બેઉ કાશી નગરીને પ્રાપ્ત થયા ત્યારે તેમનું મન નિશ્ચિંત થયું.

खेलो यमस्य प्रचक्षस्य यस्य भक्तस्य कुत्रचित् ॥
न दुर्लभतरं किंचिदहो काहं क काशिका ॥ १०६ ॥
नाराधितो मया शंभुः प्राक्तनेजन्मनि कचित् ॥
शरीरित्वानुमानेन ज्ञातमे तद संशयम् ॥ १०७ ॥

કાશીમાં જઇ પરસપર કહે છે કે શંકરનો ચમત્કાર કેવો છે! શંકરના ભક્તને કોઇપણ પદાર્થ દુર્લભ નથી અહો ! હું ક્યાં અને પવિત્ર કાશી ક્યાં. ને પૂર્વ જન્મે શરીરની મમતા વડે કરીને મેં શંકરનું આરાધન કર્યું નથી તપાપી શંકરે મારા ઉપર દયા કરી એમ માનું છું.

अस्मिन जन्मनि बालत्वा सचैसाराधितः स्फुरम ॥
प्रत्यक्ष मेवमेवैतत्कृतोनुग्रह धीर्मयि ॥ १०८ ॥

आज्ञातं गुरुभक्तिर्मे हेतुः शंभु प्रासादने ॥
य येहानुगृहितोस्मि विश्वेशेन कृपालुना ॥ १०९ ॥
अथवा कारणापेक्षस्त्वपक्ष स्त्वितर देववत् ॥
रंकमप्यनुगृह्णाति केवलं कारणं कृपा ॥ ११० ॥

આ જન્મમાં પણ હું બાલક અવસ્થામાં છું તેથી મે શંકરનું આરાધન કર્યું નથી છતાં મારા ઉપર આવી ઇશ્વરની કૃપા કયાંથી? પણ શંકરને પ્રસન્ન થવાનું કારણ એજ કે ગુરૂ ભક્તિ ! જે ગુરૂ ભક્તિએ કરીને કૃપાળુ શંકરે મારો અનુગ્રહ કર્યો અથવા શંકરની કૃપા એજ કારણથી થઇ. શંકરની કૃપા હોય તો રંકનો ક્ષણ માત્રમાં ઉદ્ધાર કરે.

यद्विनाप्यनुं क्रोशः कथं तापस संगतिः ॥
तद्रूपेणस्ययं शंभुः रानिनायेहमां ध्रुवम् ॥ १११ ॥
तदानानि नवैयज्ञा नतपांसि व्रतानि च ॥
सर्वाः प्रासाद हेतू निकारणं तत्कृपै वहि ॥ ११२ ॥

જો મારા ઉપર શંકરની દયા ન હોય તો તપસ્વીનો સંગજ કયાંથી થાય? હું એમ માનું છું કે તપસ્વી રૂપે શંકરજ મને અહીં તેડી લાવ્યા! શંકરને પ્રસન્ન કરવાને યજ્ન, દાન, તપ, વ્રત, નિયમ એ કારણ નથી, પણ કેવળ શંકરની કૃપા એજ મોટું કારણ છે.

दया मपितदा कुर्या दसौ विश्वेश्वरः परांम् ॥
यदा श्रुत्युक्त मध्वानं सद्भिः क्षुणांन सं त्यजेत् ॥११३॥
अनुक्रांशं समर्थ्येति स त्वाष्ट्रः सांभवं शुचिः ॥
संस्थाप्य लिंग मीशस्या राधयन्स्वस्थमान सः ॥ ११४ ॥
आनीय पुष्प संभार मार्तय काननाह्वहु ॥
स्नात्वा भ्यर्चयतीशानं कंदमूलफलाशनः ॥ ११५ ॥

પૂર્વના શતપુરૂશોએ સાસ્ત્રમાં કહેલા એવા માર્ગમાં ચાલેલા એવા શતમાર્ગને નહીં છોડવાથી શંકરની દયા થાયછે. ॥૧૧૩॥ એ રીતે આશ્ચર્ય પામી પછી શિવલીંગનું સ્થાપન કરી સ્વસ્થ ચિતે ત્વષ્ટા વિશ્વેશ્વરનું આરાધન કરે છે ॥ ૧૧૪ ॥ વનમાં થતી જેજે રૂતુકાળનાં પુલો મળે તે લાવી ત્રિકાળ સ્નાન કરી કંદમૂળાદિનો આહાર કરી શંકરના આરાધનમાં તત્પર થયા ॥ ૧૧૫ ॥

इत्थं स्विष्टतन् जस्य लिंगाराधन चेतसः ॥
त्रिहायनात्प्रसन्नो भूत्तस्ये शःकरुणा निधिः ॥११८॥
तस्मादेवहि लिंगा च प्रादुर्भूय भवऽब्रवीत् ॥
वरं वर्यरे त्वाष्ट्र दृढ भक्तयान यातवा ॥ ११९ ॥
प्रसन्नोस्मिभृशं बालगुर्वर्थे कृत चेतसः ॥
गुरुणा गुरुपत्न्या च गुर्व पत्य द्वयेन च ॥ १२० ॥
यथार्थित तथां कर्तुं तेसामर्थ्यं भविष्यति

એ પ્રમાણે શંકરના આરાધનમાં જે સદાનું ચિત્ત છે એવા વિશ્વકરમાને દયાનિધિ શંકર ત્રણ વરસમાં પ્રસન્ન થયા જે શિવલીંગનું પૂજન કરતા હતા તે લિંગમાંથી પ્રકટ થઇને મહાદેવ વિશ્વકરમાને કહે છે હે ત્વષ્ટા ! વરદાન માગો. આ દૃઢ ભકિતએ કરીને હું બહુજ પ્રસન્ન થયોછું કારણ કે ગુરૂની સેવામાં તમારૂં દૃઢ ચિત્ત છે માટે ॥ ॥ હવે ગુરૂ ગુરૂપતિનને ગુરૂના બાળકોએ જે આજ્ઞા કરી છે તે પ્રમાણે કામ કરવાને તમારૂ સામર્થ થશો. બીજું વરદાન આપું છું તે પણ સાંભળ

अन्यान्वरांश्चते दद्मा त्वाष्ट्र तुष्टस्त्वद्वर्या ॥१२१॥
तानूशृणुष्व महामाग लिंगस्या स्याद्भूतश्रियः॥
त्वंसुवर्णादि धातूनां दारुणां दृपदामपि ॥१२२॥
मणीनामपि रत्नानां पुष्पाणां मपित्रासर्सीम् ॥
कर्पूरादि सुगंधिनां द्रव्याणा मप्यपाम पि ॥१२३॥
कंदमूल फलानां च द्रव्याणा मपि च त्वचाम् ॥
सर्वेषां वस्तु जाताना कर्तुं कर्म प्रवेत्स्य सि ॥१२४॥
यस्य यस्य रुचिर्यत्रसद्म देवालया दिषु ॥
तस्य तस्येह तुष्टैयत्व तथा कर्तं प्रवेत्स्य सि ॥१२५॥

કે તમે સુવર્ણાદિ ધાતુની તથા કાષ્ટની તથા પાષાણની તથા મણીની રત્નની પુષ્પની વસ્ત્રની પાણીની કંદમૂળ-ફળાદી-દ્રવ્યની-વૃક્ષત્વથા (છાલ) અને પૃથ્વી ઉપર (સર્વ વસ્તુ) ની રચનામાં સમર્થ થાઓ.

અને જે જે પુરૂષોની જેવી જેવી ઇચ્છા તેવાં તેવાં કામો કામો સુલભથી કરશો.

सर्वनेपथ्य रचना सर्वाः सूपस्य सस्कृतीः ॥
सर्वाणि शिल्पि कार्याणि तौ नृत्तगीत वादि च ॥
सर्वशास्य सि कर्तुंत्वंद्वितीयश्च पद्मभूः ॥ १२६ ॥
नाना विधानि यंत्राणि नानायुधविधानकम् ॥
जलाशयानां रचनाः सुदुर्ग रचनास्तथा ॥ १२७ ॥

સર્વે અલંકાર તથા પાક તથા સર્વે શિલ્પ શાસ્ત્રની તથા નૃત્ય ગીતાદીની રચના મનથી કરશો એ વડે કરીને બીજા બ્રહ્મા ઉત્પન થયા હોય એવા જ્ઞાનવાન થશો અને નાના પ્રકારના યંત્ર આયુધની વિધિ જળાશયની રચના કોટ આદિ પણ બનાવશો.

तादृकर्तुं पुरावेत्सियाङ्गान्योऽधिया स्यति ॥
कलाजातं हि सर्वत्वं मत्पयास्य सिमेवरात् ॥१२८॥
सर्वेद्रजालिका विद्या त्वदधीना भविष्यति ॥
सर्व कर्मसु कौशल्यं सर्व बुद्धि वरिष्ठताम् ॥१२९॥
विश्वेषां विश्वकर्माणि विश्वेषु भवनेषु च ॥
अति लोकोत्तरं कर्म तत्सर्व वेत्ससि स्वयं॥
यतोज्ञास्यसि तन्नाम विश्वकर्मेतितेऽनघ ॥ १३० ॥
अपरः कोवरोदेय स्तवतं प्रार्थयाश्व हो ॥
सदादेवंनमे किंचि ल्लिंगार्चन रतस्य हि ॥ १३१ ॥

અર્થ—હે વિશ્વકર્મા જે કામ બીજા કોઇથી થઇ શકે નહીં તે કામ તમે કરશો અને સર્વે કળાઓમાં કુશળ થશો સર્વે ઇંદ્રજાળ વિદ્યા તે તમારા આધીન થશે સર્વે કર્મમાં કુશળ પણું તથા સર્વે બુદ્ધિમાનોમાં શ્રેષ્ટ થશો. કોઇ લોકથી જે કામ ન થઇ શકે તેને તમે જાણશો. જગતમાં જે રચના તથા ભુવનોમાં રચના કરવી તે તમે જાણશો માટે તમારૂં વિશ્વકર્મા એવું નામ પડશે

હે વિશ્વકર્મા આવરદાનથી બીજો શીવરદાન ઇચ્છોછો તે માગો શિવલિંગની પૂજામાં તત્પર એવા તમને કોઇ પદાર્થેન આપવા સરખો નથી.

अन्यत्रापिहियो लिंगं समर्चयति सन्मातिः ॥
तस्यापि वांछितं देयं किं पुनर्योयि काशिकम् ॥१३२॥
ये न काश्यां समभ्यर्चि ये न काश्यां मतिष्ठितम् ॥
ये न काश्यां स्तुतं लिंग समेरूपाय दर्पणः ॥ १३३ ॥
तत्वंस्वच्छोसि मुकुरोममनेत्र त्रयस्य हि ॥
काश्यां लिंगार्चना त्वाष्ट्र वरंवरय सुव्रत ॥ १३४ ॥
काश्या यो राजधान्यां मेहित्वा मामन्य मर्चयेत् ॥
सवराकोल्प धीर्मुष्टो ऽल्पतुष्टिंमुक्ति वर्जितः ॥१३५॥
तदानंदवने यत्र समर्च्योर्हं मुमुक्षु भिः ॥
द्रुहिणोपेंद्र चंद्रे द्रैरिहान्योन समर्च्य ते ॥ १३६ ॥

અર્થ—બીજી પણ કોઇ જગ્યાએ શંકરની પૂજાને વિષે બુદ્ધિ છે. તે પુરૂષને મન્છીત પદાર્થ આપુ છું તો કશીમાં રહી પૂજા કરે તેને આપું એમાં શું આશ્ચર્ય ! ॥

જેને કશીમાં શિવલિંગની પૂજા કરી તથા નિવાશ કર્યો તથા સ્તુતિ કરી તે પુરૂષ શિવ રૂપ જાણવો ॥ તમે પવિત્ર છો મારા નેત્રના દરપણ જેવા છો. માટે મારી પાસે વરદાન માગો ॥ કાશીની રાજધાનીમાં રહી મારો ત્યાગ કરીને બીજાનું પૂજન કરે છે તે પુરૂષ અલ્પ બુધ્ધ અને માયાએ મોહ પામેલો છે તે અધો ગતિને પામે. માટે આનંદ વનમાં મુકિતની ઇચ્છા કરનાવાળા પુરૂષોએ મારૂં પૂજન કરવું બ્રહ્મા, વામન ચંદ્ર, ઇદ્ર એઓએ મારૂં પૂજન કરૂં છે ॥

यथानंदवनं माप्य त्वं मामर्चितवान सि ॥
तथान्ये पुण्य कर्माणो मा मङ्य च्यैव मामिताः ॥ १३७ ॥
अनुग्राह्योऽसिनितरांत ततो वरय दुर्लभम् ॥
आर्पितं तदवे हित्वं वदमाचिरय स्वभो ॥ १३८ ॥

विश्वकर्मोवाच—

इदं यत्स्थापितं लिंगं मयाज्ञेनापि शंकर ॥
तल्लिंगमन्ये प्याराध्य संतु सद्बुद्धि भाजनम् ॥१३९॥

જે રીતે આનંદ વનમાં પ્રાપ્ત થઇ તમે મારી પૂજા કરી તે રીતે બીજાઓ પણ મારી પૂજા કરીને ,મારા પદને પામ્યા છે. ॥ મારે મારા ભકત ઊપર અનુગૃહ કરવોજ જોઇએ.એકવાર વર આપ્યોછે. પણ પુનઃ માગો. ॥ આવું સાભળી વિશ્વકર્મા કહેછે હે શંકર! મેં જે આ શિવલીંગની સ્થાપના કરી તેનું આરાધન કરી લોકો સદ્બુદ્ધિવાળા થાઓ.

अन्य च्च नाथ प्रार्थ्यों ऽसि तच्च त्रिधाण यिष्य सि ॥
भवान्मया विनिर्मायियितास्वं प्रासादं कदा भव ॥१४०॥

देवदेव उवाच—

एव मस्तु यदृक्तं ते तत्र लिंग समर्च काः ॥
सद्बुद्धि भाजनं वैभ्यः श्च निर्वाण दीक्षिताः ॥ १४१॥
यदा च राजा भवितादिवोदासो त्रि-र्वरात ॥
तदा मेवच नाचात प्रासादं मे विधास्य ति ॥१४२॥
नवी कृत्य पुनः काशीं निविष्टा ते न भू भुजा ॥
गणेश मायया राज्यद त्वरि निर्विण्णा चेतसा ॥१४३॥
विष्णोऽसदुपदेशा च्च मा मेव शरणं गतः ॥
निर्वाण लक्ष्मीः प्राप्तह हित्वा राज्यश्रियं चलाम् ॥१४४॥

અર્થ—હે નાથ! બીજી મારી માગેલી જે વસ્તુ તેને તમે આપશોજ, અને તમે તમારો પ્રાસાદ પૂર્ણ થવાને કૃપા કરશો. ॥ એ પ્રમાણે વિશ્વકર્માનું વચન સાંભળી મહાદેવ કહે છે. તમે જે સ્થાપના કરો તે લિંગને પૂજન કરવાવાળા ભક્તો સદ્બુદ્ધિ, માન ને ક્ષમા પાત્ર થશે. અને જે સમયમાં બ્રહ્માના વરદાન થકી દીવોદાસ એવે નામે રાજા થશે. ત્યારે મહારા વચનથી મારો પ્રાસાદ કરશે. એના પછી નવી કાશી બનાવી તેમાં નિવાસ કરશે. ગણેશની માયાએ કરી ખેદ યુકત ચિત્ત થશે. વિષ્ણુના સારા ઉપદેશ થકી મારે શરણે થઇ ચલાયમાન રાજલક્ષ્મીનો ત્યાગ કરી નિર્વાણ લક્ષ્મીને પ્રાપ્ત થશે.

विश्वकर्मन्त्रजगुरोः शाशनाय यतस्व च ॥
गुरुभक्ति कृतोयस्मा न्मद्भक्त नात्र संशय ॥१४५॥
ये गुरु चावमन्यंतेतेऽवमान्या मयाप्य हो ॥
तस्माद्गुरु पदिष्ट हिं कुरु शिष्य समी हितम् ॥१४६॥
तत आगत्य मे पार्श्वं यावन्निर्वाण मध्य सि ॥
तावत्स्थास्य सि शुद्धात्मा देवानां हित माचरन् ॥१४७॥

અર્થ—હે વિશ્વકર્મા ગુરુના વચનને પાળવાને યત્ન કરો ગુરુની ભકતી કરવા વાળા જે પુરુષો તેજ મારા ભક્ત છે એમાં સદેહ નથી જે પુરુષ ગુરુનું અપમાન કરે તે પુરુષની હું, અવગણના કરૂં છું, તે માટે ગુરુએ તમને જે આજ્ઞા કરી છે; તે પ્રમાણે તમો કરો ॥ ત્યાર પછી તમે મેક્ષ પદાને પ્રાપ્ત થાઓ ત્યાં સુધી દેવોનું કલ્યાણ કરતાં સતાં નિરવાણ કાળ પર્યંત મારે સમીપ રહેશો.

तवात्र लिंगे सततं स्थास्याम्यह मभीष्टदः ॥
अस्य लिंगस्य भक्तानां निर्वाण श्रीरद् रतः ॥१४८॥
अंगारेशादुदीच्यां ये त्व लिंगस्य समर्चकाः ॥
तेषां मनोरथा वापि भविष्यति पदे पदे ॥१४९॥
इत्युक्तां तदैव देव स्त्याष्टो पि गुरु मासवान् ॥
गुरोः समीहितं भूरि विधाय स गृहान्य यौ ॥१५०॥

અર્થ—આ તમે સ્થાપન કરેલું એવું જે લીંગ તેને વિષે સૌ લોકને અભિષ્ટ આપ વાળો જે હું તે નિવાસ કરૂં છું આ લીંગની ભગતી કરવા વાળા પુરૂસોને મોક્ષશ્રી સમીપમાં છે અંગારેશ્વર થકી ઉત્તર દિશા તમારા જે ભકત તેઓના મનોરથની સિધી નિરંતર થાય છે. એ પ્રમાણે વરદાન આપીને વિશ્વેશ્વર અંતર ધ્યાન થયા અને વિશ્વકર્મા ગુરૂની આજ્ઞા પ્રમાણે બધું કાર્ય કરીને પોતાને ઘેર ગયા ॥

गृहेपि माता पितरं संतोष्य निज कर्मणा ॥
तदुक्ता सांसमाधाय पुनः काशीं समाययौ ॥१८१॥
स्व लिंगाराधना सक्तो नाद्यापि त्वष्टृ नंदन ॥
काशीं त्यजतिमेधावी सर्व देव प्रियं चरन् ॥१८२॥

અર્થ—વિશ્વકર્મા સુભકાર્યવડે પોતાના માતા પિતાને સંતોષ પમાડી તેમની આજ્ઞા લેઇ પુનઃકાશીમાં ગયા ત્યાં જઇને પોતાના સ્થાપન કરેલા શિવલિંગની આરાધનામાં તત્પર થઇ સર્વ દેવની પ્રિતિને માટે કાશીમાં નિવાસ કર્યો.

विश्वेश्वराज्ञया त्वाष्ट्रा लोकानां हित काम्यया ॥
माघ मासे सितपक्षे त्रयोदश्यां शुभे दिने ॥१८३॥
प्राप्त वा निंद्रकीलं वै नगराज महाद्भुतं ॥
इंद्रकीलेर राजा सौ सर्व देव समन्वितः ॥१९४॥
गिरिजा तटमाश्रित्य घुस्रणेशस्य सनिधौ ॥
विचित्र रचनां तत्र कृतवान् विश्व पूजितः ॥१८९॥
अतस्त दर्शनं यो वै कुर्यात्पाप प्रशांतये ॥१९६॥

અર્થ—વિશ્વકર્મા કાશી વિશ્વેશ્વરની આજ્ઞા થકી લોકના કલ્યાણને માટે માઘ માસના શુકલ પક્ષની ૧૩ ને દીવશે મોટા આશ્ચર્યકારક અને પર્વતોનો રાજા એવો જે ઇંદ્રકીલ પર્વત તે ઉપર જઈ નિવાસ કર્યો સર્વદેવ સંગાથે શોભાયમાન હોતા હવા. વિશ્વકર્મા સૌ દેવ સંગાથે ઘુશ્રણેશ માહાદેવને સમીપ ગિરીજા-ગંગાના તટનો આશ્રય કરીને રહ્યા જગત પુજ્ય વિશ્વકર્માએ ત્યાં પ્રાસાદ આદિમાં ચિત્ર વિચિત્ર રચના કરી માટે જે પુરૂષ પાપની શાંતિને માટે તે વિશ્વકર્મા આદિ દેવોનું દર્શન કરશે તે પ્રાણી આ લોકમાં સુખ ભોગવી અંતે વિશ્વરૂપ પદને પામશે.

स॰विश्वकर्मा पुरुषो मनुरूपमवापह ॥
स चाक्षुष इति ख्यातो धर्मशास्त्र विशारदः ॥१८७॥
आत्मा वै जायते पुत्र इति वेदानु शाशनम् ॥
तस्मा द्विप्राक्रिया प्रज्ञो राजरूपो मुनीश्वरः ॥१८८॥
पुरुः पुरुषं सुद्युम्नो विश्व साध्य स्तथैव चा ॥
एते चाक्षुष पुत्रा वै माया मनुज विग्रहाः ॥ १९९ ॥
